CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬

## ટ્રાફિક સર્કલ્સમાં પણ જોવા મળે છે દેશભાવના;

# ક્યાંક ટેન્ક તો કયાંક મિગ-23 વિમાન તો ક્યાંક છે મિસાઈલ

પ્રજાસત્તાક દિવસની ઉજવણીને લઈને સુરતમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સુરત મહાનગર પાલિકા દ્વારા દર વર્ષે રિપબ્લિક ડેની ઉજવણી ધ્વજ વંદન અને સાંસ્કૃતિ કાર્યક્રમો સાથે કરવામાં આવે છે. ફાયર બ્રિગેડગના જવાનો દિલ ધડક કરતબો કરીને સુરતીઓને સલામતીના પાઠ ભણાવશે. સરકારી ઓફિસોમાં, સ્કૂલોમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી દેશભક્તિના માહોલ વચ્ચે થશે. અત્યારે શહેરના રસ્તાઓ પર તિરંગા નાની-નાની લારીઓ પર મસ્ત સજાવેલા દેખાય રહ્યા છે. સુરત મહાનગર પાલિકાએ ડેવલપ કરેલા વિવિધ થીમના ટ્રાફિક સર્કલ શહેરની સુંદરતામાં વધારો પણ કરે છે. વિવિધ થીમના ટ્રાફિક સર્કલોમાં એવા ટ્રાફિક સર્કલ્સ પણ છે જે દેશભક્તિની થીમ પર બન્યા છે. ટ્રાફિક સર્કલ્સ બનાવવામાં સુરત મહાનગર પાલિકાએ સુરતી યુવાઓમાં દેશભાવના માટે પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ્ય પણ રાખ્યો છે. કોઈ જગ્યા એ નિવૃત મિગ-23 વિમાન, કોઈ જગ્યાએ ટેન્ક તો કોઈ જગ્યાએ તોપની રેપ્લિકા દેખાય છે. ટ્રાફિક સર્કલમાં આવું સરસ મુકવા પાછળની શું કહાની છે અને સિટીમાં વિવિધ જગ્યા પરના ટ્રાફિક સર્કલના માધ્યમથી કઈ રીતે દેશભાવના જગાડવામાં આવી રહી છે તે જાણીએ...

CREATIVE માઈન્ડ્સ





### 2000માં બનાવવામાં આવેલા કારગીલ શહીદ ચોકમાં રાઉન્ડમાં 86 થાંભલીઓ છે

1999માં પાકિસ્તાન સામે કારગીલ યુદ્ધ 60 દિવસ ચાલ્યું હતું. 26 જુલાઈ 1999માં આ યુદ્ધમાં ભારતને જીત મળી હતી. ત્યારથી દર વર્ષે 26 જુલાઈએ આ યુદ્ધમાં શહીદ થયેલા ભારતીય સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે. 1999માં કારગીલ વિજય બાદ સુરત મહાનગપાલિકા એ પીપલોદમાં કારગીલ શહીદ ચોક બનાવ્યું છે. અહીં દર વર્ષે સુરત મહાનગર પાલિકા દ્વારા 26 જુલાઈના રોજ કારગીલ યુદ્ધના ભારતીય સૈન્યના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણનો કાર્યક્રમ કરવામાં આવે છે. કારગીલ શહીદ ચોકમાં તોપની બે રેપ્લિકા આવતા જતા વાહન ચાલકો અને પગપાળા જતા લોકોનું ધ્યાન ખેંચે છે. અહીં રાઉન્ડમાં 86 થાંભલી બનાવવામાં આવી છે જેની પર સિપાઈઓના ચિત્રો સહિતના ચિત્રો દોરાયા છે. આ સર્કલ 2000ના વર્ષમાં બનાવવામાં આવ્યું હતું.

### આર્મીના ડ્રેસ કલરનું મિસાઈલ સર્કલ અને અડાજણમાં તોપ

રાંદેર તાડવાડી વિસ્તારમાં રોડની વચ્ચે મિસાઈલ સર્કલ 2012માં બનાવવામાં આવ્યું હતું. દેશભાવના જગાવતા આ સર્કલમાં આમને સામને બે રોકેટ આર્મીના ડ્રેસ કોડ કલર એટલે કે ઓલિવ ગ્રીન કલરમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યા છે. તે મિસાઈલ આકારનું આ સર્કલ બાળકોને વધુ અટ્રેક્ટ કરે છે. તેની જાળવણી મહાનગર પાલિકા કરી રહી છે. છતાં આશ્ચર્ય એ વાતનું છે આવું સર્કલ બનાવવા પાછળનો ઉદ્દેશ્ય શું રહ્યો છે તેની માહિતી ઉપલબ્ધ નથી થઈ શકતી. અડાજણ વિસ્તારમાં ગંગેશ્વર મહાદેવ મંદિર રોડ પર ચાર રસ્તા વચ્ચે એક તોપ મુકવામાં આવી છે. આ તોપ અસલ છે કે રેપ્લિકા છે તેની માહિતી નથી મળી શકી પણ તે વર્ષો જૂની હોય તેવું દેખાય આવે છે. આ તોપ નજીક જ સર્કલમાં એક લાંબો થાંભલો પણ પ્રસ્થાપિત કરાયો છે. આ તોપ 2011માં અહીં મૂકવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ તોપ સર્કલ નાનું છે પણ દેશભક્તિની ભાવના જગાવી જાય છે.



### મક્કાઈ પુલ પાસેના સર્કલમાં મુકાયેલી હોડીને તિરંગા કલરથી અટ્રેકટિવ બનાવાઇ છે

મક્કાઈ પુલ પાસે એક ટ્રાફિક સર્કલમાં હોડી મુકાઈ છે. આ હોડીમાં પણ તિરંગા સફેદ, કેસરી અને ગ્રીન કલર કરાયો છે. આ તિરંગા કલરને કારણે વધારે આકર્ષક દેખાય છે.

### નેચરપાર્ક પાસેનું નિવૃત MIG-23 વિમાન ઇન્ડિયન એરફોર્સ દ્વારા અપાયું હતું

સરથાણા નેચર પાર્કના પ્રવેશદ્વાર પાસે રોડની એક સાઈડ પર નિવૃત MIG-23 વિમાન સુરતીઓના દર્શનાર્થે 1 માર્ચ 2009ના મુકવામાં આવ્યું હતું. ત્યારથી આ વિમાન સુરતીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મળતી માહિતી અનુસાર નિવૃત્ત MIG-23 વિમાન IAF દ્વારા સુરતને ભેટ આપવામાં આવ્યું હતું. 26 જાન્યુઆરી 2001માં ગુજરાતમાં આવેલા ભયંકર ભુકમ્પમાં ભુજ ખાતે એરફોર્સ સેન્ટરમાં એરફોર્સના કેટલાંક જવાનોના મૃત્યુ થયા હતા. સુરતની જય જવાન નાગરિક સમિતિ દ્વારા આ જવાનોના પરિવારોને સમ્માન સાથે આર્થિક સહાય અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સુરતના લોકોની રાષ્ટ્રીય ભાવનાની કદર રૂપે નિવૃત મિગ-23 વિમાન સુરતને આપવામાં આવ્યું હતું. આ વિમાને 1971ના યુદ્ધમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. જ્યારે પણ સુરતીઓ નેચર પાર્ક જોવા જાય છે ત્યારે આ મિગ-23 વિમાનને નિહાળતા દેશના સૈનિકો માટે માન જાગી જાય છે.





### પાલ લેક પાસે પૃથ્વીના ગોળામાં તિરંગા કલરના નકશાનું લોકોમાં છે અટ્રેકશન

પાલ લેક પાસે એક ટ્રાફિક સર્કલ છે જે કોઈ ખાનગી સંસ્થા દ્વારા ડેવલપ કરવામાં આવ્યું છે. 2016માં આ ટ્રાફિક સર્કલમાં પૃથ્વીના ગોળામાં ભારતનો નકશો બતાવાયો છે. આ નકશો તિરંગાના ત્રણ કલર કેસરી, લીલો અને સફેદ કલરમાં છે. તિરંગા કલરમાં આ નકશો ત્યાંથી પસાર થતા લોકોમાં આકર્ષણ જગાવે છે. અહીં પૃથ્વીનો ગોળો સ્ટીલ જેવી ધાતુનો હોવાનું કહેવાય છે જેની ઉપર પૃથ્વીનો નક્શો છે.

### યુવાઓને મોટિવેશન માટે કતારગામમાં આર્મીની નિવૃત T-55 ટેન્ક મુકાઈ છે

કતારગામ આંબાતલાવડી પાસે આર્મીની નિવૃત ટેન્ક T-55 મુકાઈ છે. વીર જવાન નાગરિક સમિતિ સાથે વર્ષોથી સંકળાયેલા ભારતીય સૈન્યના નિવૃત બ્રિગેડિયર બી.એસ. મહેતાના પ્રયાસોથી આ ટેન્ક સુરતને મળી. આ ટેન્કનો ઉપયોગ 1971માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં કરવામાં આવ્યો હતો. 1971ના યુદ્ધમાં સેવા નિવૃત બ્રિગેડિયર બી.એસ.મહેતાએ પણ ભાગ લીધો હતો. આ ટેન્ક સુરતમાં 2015માં લાવવામાં આવી હતી અને પ્રસ્થાપિત કરવામાં આવી હતી. આ ટેન્ક અહીં પ્રસ્થાપિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય સુરતના યુવાઓને મોટિવેશન મળે તે રહ્યો હતો.



# અનોખી દેશભક્તિ : 365 દિવસ ટી-શર્ટ પર લગાવે ત્રિરંગાના બેજ

સુરતમાં દેશભક્તિનો માહોલ ધીરે ધીરે બનવા લાગ્યો છે. રસ્તા પરની લારીઓ, દુકાનોમાં તિરંગા વેચાતા અને ખરીદાતા દેખાવા લાગ્યાં છે. 15 ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસ અને 26 જાન્યુઆરી ગણતંત્ર દિવસ આ બે દિવસ આખો દેશ દેશભક્તિના રંગમાં રંગાય જાય છે. લોકોના શર્ટ પર ધ્વજના બેજ લગાવેલા તો બાઈક અને કાર પર ધ્વજ લેહારતા જોવા મળે છે. જોકે, સુરતમાં એક વ્યક્તિ એવી પણ છે જે રાષ્ટ્રીય પર્વના માત્ર બે દિવસ નહીં પણ વર્ષના 365 દિવસ દેશભક્તિની ભાવના અનોખી રીતે પ્રગટ કરે છે. તે કઈ રીતે અને ક્યારથી કરે છે અને કેમ કરે છે, તેમના ઓફિસમાં પણ દેશભક્તિનો માહોલ વર્કિંગ ડેઝમાં જોવા મળે છે તો એ કઈ રીતે, લોકો તેમનો આ રાષ્ટ્રપ્રેમ જોઈને કેવા પ્રકારની પ્રતિક્રિયા આપે છે ? તેના વિશે વાંચો આ આર્ટિકલમાં...

જનરેશન Y



### ઓફિસ સ્ટાફના 30-35 જણા પણ ઝંડાનો બેજ લગાવી રાખે છે

તેમણે ઓફિસ ટીમના 30-35 જણાને ફલેગ આપ્યા છે જેઓ પણ રોજ આખો દિવસ ધ્વજનો બેજ લગાવી રાખે છે. પહેલા સ્ટાફના કોઈને કોઈ બેજ લગાવવાનું ભૂલી જતાં તો તેઓએ ટીમને ઓફિસમાં જ ફ્લેગનો બેજ રાખવાનું સૂચન કર્યું. જ્યારે ઓફિસે આવે ત્યારે દેશભાવના દર્શાવતો આ બેજ લગાવવાનો અને ઓફિસના કલાકો પૂર્ણ થયા બાદ બેજ ઓફિસમાં જ રાખવાનો. સુરત અને ઈન્દોરની ઓફિસની ટીમ આ રીતે રોજ બેજ લગાવી દેશભાવના દર્શાવી રહી છે.

### જ્યારે બેજ જોઈને ઈન્ડિયાની તારીફ કરાઈ તે ગર્વની ક્ષણ હતી



પ્રેમલભાઈએ જણાવ્યું કે એક વર્ષ પહેલાં હું ઈટાલી ગયો હતો ત્યાં મારા ટી-શર્ટ પર ઈન્ડિયાના ફલેગનો બેજ જોઈને એક ફોરેનર ભાઈ કારમાંથી ઉતરી મારી પાસે આવીને કહેવા લાગ્યા ઈન્ડિયા આજે એક અલગ જ લેવલ પર છે, ઈન્ડિયન સંસ્કૃતિનું પણ અલગ જ લેવલ છે. આ શબ્દો સાંભળી ગર્વની ક્ષણ લાગી હતી. અમારા સ્ટાફમાં 4 ફિમેલ્સ પણ છે જેઓ પણ આ કાર્યમાં ઉત્સાહથી ભાગ લે છે.

### જેમને જોઈએ તેમને પણ આપે છે આવા બેજ



અનોખી રીતે દેશભાવના બતાવતા આ યુવકના ટી-શર્ટ પર નેશનલ ફ્લેગનો બેઝ જોઇ કેટલાંક તેમની આ ભાવનાની સરાહના કરે છે તો કેટલાંક તેમને પાગલ પણ ગણે છે અને કહેતા હોય આવું ના કરવું જોઈએ. જે લોકો તેમની પાસે આવા બેજ માંગે તો નિ:શુલ્ક આપે છે. અત્યાર સુધી 100થી વધુ આવા બેઝ લોકોમાં વિતરણ કર્યા છે.

### 365 દિવસ ટી-શર્ટ પર તિરંગાનો બેજ લગાવે છે

પ્રેમલ વ્યાસ બે વર્ષથી વર્ષના 365 દિવસ તેમના ટી-શર્ટ પર નેશન ફ્લેગનો બેજ લગાવે છે. આ બેજ મેગ્નેટિક છે. તેમનું કહેવું હતું કે, દેશના મોટાભાગના લોકો દેશભક્તિ રાષ્ટ્રીય પર્વના બે દિવસ બતાવે છે પણ તેઓ માત્ર બે દિવસ નહીં રોજે રોજ દેશભાવના બતાવવા આ રીતે બટનથી સહેજ મોટી સાઈઝનો ફ્લેગ લગાવે છે. દુકાનો કે, લારી પર નેશનલ ફ્લેગ સામાન્ય રીતે વેચાતા નહીં જોવા મળે એટલે તેઓ આ બે રાષ્ટ્રીય પર્વ વખતે બલ્કમાં ફ્લેગના બેજ લઈને રાખે છે. તેમના ઘરમાં 100-150થી વધારે ફ્લેગના બેજ રાખે છે, તો ઓફિસમાં પણ આનાથી પણ વધુ સંખ્યામાં રાખે છે. તેમની કાર અને બેગમાં પણ ફ્લેગ રાખેલા જોવા મળે છે.